# નવનીત પ્રકાશનના અપહ્યૃત ડાયરેક્ટરની હત્યા

## અડાલજથી અપહરણ કરીને લઈ જવાયેલા નવીનચંદ્ર શાહનો મૃતદેહ માલપુરથી મળ્યો

ગાંધીનગર, તા. ૨૮

અમદાવાદના એસ. જી. હાઈવે વૈષ્ણવદેવી સર્કલ પાસેથી રહસ્યમય સંજોગોમાં લાપતા થઈ ગયેલા નવનીત પ્રકાશનના ડાયરેકટર નવીનચંદ્ર શાહનો મૃતદેહ અરવલ્લી જિલ્લાના માલપુર તાલુકાના ગાજણ ગામની સિમમાંથી શંકાસ્પદ હાલતમાં મળી આવી હતી.

બે દિવસથી ગૂમ નવીન શાહનું અપહણ થયું હતું અને અપહરણકારોએ કરોડોની ખંડણી માંગી હતી. આ કેસમાં ક્રાઈમ બ્રાંચે જીગ્નેશ ભાવસાર સહિત ચાર લોકોની ધરપકડ કરી છે ત્યારે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે નવીનચંદ્ર શાહની હત્યા કરાઈ હોવાનું જણાવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે નવિનચંદ્ર શાહને શોધી કાઢવા માટે ગાંધીનગર જિલ્લા પોલીસે જોર લગાવ્યું હતું અને તેમને હેમખેમ શોધી કાઢવા માટે પોલીસની અડધો ડઝનથી પણ વધુ ટીમ બનાવવામાં આવી હતી અને ૨૬ થી વધુ લોકોના નિવેદન લેવામાં આવ્યા હતા.



અમદાવાદના બોપલ જીમખાના રોડ બસંત બહાર બંગલામાં રહેતા નવિનચંદ્ર નાનજીભાઈ શાહ (ઉ.૬૯) ગત મંગળવારે બપોરે વૈષ્ણવદેવી સર્કલ પાસેથી અચનક જ ગુમ થઈ ગયા હતા. વૈષ્ણવદેવી સર્કલ ગોરબંધ રેસ્ટોરન્ટ પાસે કાર ઉભી રખાવી નવિન શાહે ડ્રાઈવર પ્રભાત દેસાઈને કાર પાર્ક કરી દે અડધો કલાકમાં મીટીંગ પતાવીને આવું છું, તેમ કહી ગયા બાદ પરત નહીં ફરતા મામલો અડાલજ પોલીસ સ્ટેશન પહોંચ્યો હતો.

નવીન શાહના ગૂમ થયાના બે દિવસ બાદ માલપુર તાલુકાના ગાજણ અને પિશાલ ગામની વચ્ચે આવેલા નવી વસાહતની સિમમાંથી ફૂલી ગએલી હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. ગુરુવારની સાંજે પાંચ વાગ્યાના અરસામાં માર્ગ પરથી પસાર થઈ રહેલા કેટલાક ગોવાળિયાઓને વાસ આવતા તેઓએ રસ્તાની બાજુમાં આવેલી ચોકડીઓમાં લાશ પડેલી જોઈ હતી. લાશ અંગેની વાત વાયુવેગે પ્રસરી જતા ગાજણ તેમજ પિશાલ ગામના લોકોના ટોળેટોળા ઘટનાસ્થળ પર એકત્ર થઈ ગયા બાદ ગામના સરપંચે માલપુર પોલીસને જાણ કરતાં પી.એસ.આઈ. સહિતનો પોલીસ કાફલો દોડી આવ્યો હતો. પોલીસે લાશને ચોકડીમાંથી બહાર કાઢી માલપુર પી.એમ. રૂમમાં મૂકી હતી.

### ઓળખ કેવી રીતે થઈ ?

ગાજણ ગામમાંથી અજાણ્યા પુરૂષની લાશ મળી આવ્યા અંગે માલપુર પી.એસ.આઈ. એમ.એચ. સોલંકીએ અરવલ્લી જિલ્લાના તમામ પોલીસ મથકોએ મેસેજ કરી લાશની ઓળખ માટે પ્રયાસ કર્યો હતો પરન્તુ લાશ અંગે કોઈ પ્રતિભાવ ન મળતા છેવટે અડાલજ પોલીસે નવીન શાહ ગૂમ થવા અંગેના પોલીસ મેસજ પરથી માલપુર પોલીસે અડાલજ પોલીસને જાણ કરતા અડાલજ પોલીસની સાથે આવેલા નવીન શાહના ભત્રીજા કેવિન શાહે લાશ ઓળખી બતાવી હતી.

### હત્યા કોણે અને કેમ કરી ?

**હત્યારાએ પાગલ વ્યક્તિના નામે સીમકાર્ડ ખરીદીને નવીનચંદ્ર શાહને ફોન કરી વૈષ્ણોદેવી બોલાવ્યા હતા**

જીગ્નેશ ભાવસાર નામનો શખ્સ પહેલા નવનીત ગાલામાં કામ કરતો હતો. હવે પૈસાની જરૂર હતી એટલે તેણે પ્લાન ઘડ્યો કે નવીનચંદ્ર શાહનું અપહરણ કરીને રૂ. ૫ કરોડ તેમના પરીવાર પાસેથી માંગી લઉ અને રૂપિયા લઈને નવીનચંદ્રને છોડીને ભાગી જઉ..! તેના મિત્ર રાજુ પટેલને આ પ્લાનમાં સામેલ કરી વિજયનગર નજીકની એક મોબાઈલ શોપમાંથી બોગસ દસ્તાવેજના આધારે સીમ કાર્ડ લેવડાવ્યું..! એ કાર્ડથી જીગ્નેશે ફોન કરીને નવીનચંદ્ર શાહને અડાલજ નજીક વૈષ્ણોદેવી પાસે મીટીંગ માટે બોલાવ્યા હતા. નવનીત ગાલાના કર્મચારીઓ યુનીયન બનાવી રહ્યા છે તેવા સમાચાર આપી અંદરની માહિતી આપવાના બહાને નવીનચંદ્રને બોલાવી અપહરણ કરીને ફરાર થઈ ગયા. રસ્તામાં મારઝુડ કરીને નવીનચંદ્રનો શ્વાસ રૂંધાઈ ગયો..! મૃત્યુ પામી ગયેલા નવીનચંદ્રની લાશને માલપુર નજીક ફેંકી દીધી હતી. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ નવીનચંદ્ર શાહના મોબાઈલ પર આવેલા ફોન નંબરને આધારે તપાસ કરતી કરતી વિજયનગર પહોંચી તો ખબર પડી કે સીમકાર્ડ તો કોઈ પાગલ વ્યક્તિના નામનું ખરીદાયેલું હતુ. દુકાનદાર પાસે પહોંચીને માહીતી મેળવી ત્યારે રાજુ પટેલનું નામ ખુલ્યુ અને ખબર પડી કે હત્યા કરીને નવીનચંદ્રનો મૃતદેહ માલપુર નજીક ફેંકી દેવાયેલો છે. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે આરોપીને પકડી ગાંધીનગર પોલીસને સોંપવા તજવીજ કરી છે.



સરગાસણ તળાવ છલકાયું : શહેરમાં ૬ દિવસમાં પડેલા ૨૨ ઈંચ વરસાદથી ગુડા વિસ્તારમાં સરગાસણનું નવનિર્મિત તળાવ પ્રથમ વખત છલકાતા વસાહતીઓમાં આનંદ લાગણી પ્રસરી હતી.

## ઢોર ડબ્બાની સ્વચ્છતા અંગે આવેદનપત્ર અપાયુ

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર મહાનગર-પાલિકામાં ઢોર ડબ્બાની સ્વચ્છતા સહિતના પ્રશ્નો અંગે આજે શહેરના માલધારી સમાજના આગેવાનોએ પ્રાંત અધિકારી રાકેશ વ્યાસને એક આવેદન પત્ર આપી તેમના પ્રશ્નો અંગે ઉગ્ર રજુઆતો કરી હતી.

માલધારી સમાજના આગેવાનોએ ઢોર ડબ્બાની સ્વચ્છતા અંગે ગંભીર પ્રશ્નો રજુ કરતાં જણાવ્યું હતું કે આ વરસાદને કારણે ત્યાં ગંદકીનું સામ્રાજ્ય જબરજસ્ત રીતે ફેલાયુ છે તેને લઈ પશુધનનું આરોગ્ય જોખમાયું છે.

## રતનપુરમાં દરોડો પાડી પોલીસે પાંચ શકુની પકડયા

### ૨૦ હજારના મુદ્દામાલ સાથે ડભોડા પોલીસે પાંચેયની કરી ધરપકડ

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર જિલ્લાના ડભોડા નજીક આવેલા રતનપુર ગામમાં ખુલ્લેઆમ જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમી ડભોડા પોલિસને મળતા ટીમે દરોડો પાડયો હતો. જુગાર રમી રહેલા પાંચ શકુનીને રૂ.૨૦ હજારના મુદ્દામાલ સાથે દબોચી લઈ ડભોડા પોલિસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ડભોડા પીએસઆઈ ડી.બી. વાળા તથા તેમની ટીમે ચોકકસ બાતમીને આધારે રતનપુર ગામમાં દરોડો પાડયો હતો. રતનપુર ગામના ઈન્દિરાનગરમાં નરેશભાઈ વાઘેલાના ઘરની પાછળ ખુલ્લી જગ્યામાં જુગાર રમાઈ રહ્યો હોવાની માહિતીને આધારે ટીમે દરોડો પાડતા ખુલ્લેઆમ જુગાર રમતા પાંચ શખ્સો રંગે હાથ ઝડપાઈ ગયા હતા. ડભોડા પોલિસે મોટી આદરજ ગામના મહેશ પરબત ઠાકોર, ગોપાલ મણા ઠાકોર, રતનપુર ગામના કપીલ બાબુ બિહોલા, જીતેન્દ્ર દિપસિંહ વાઘેલા અને વિજય ડાહ્યા દંતાણી મળી પાંચ શખ્સોની ધરપકડ કરી લઈ ડભોડા પોલિસે રૂ. ૨૦૩૮૦નો મુદ્દામાલ જપ્ત કરી લીધો હતો. પાંચેય શકુની સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી જુગાર કોણ ચલાવી રહ્યું હતું તેની તપાસ પણ શરુ કરી છે.

## ગાંધીનગર કોંગ્રેસ દ્વારા પક્ષાંતર સામે દેખાવો યોજાયા

કોંગ્રેસ છોડી ભાજપમાં જોડાઈ રહેલા ધારાસભ્યો સામે આજે ગાંધીનગર શહેર કોંગ્રેસ અને જિલ્લા કોંગ્રેસ દ્વારા સચિવાલયના ગેટ નં. ૧ સામે વિરોધ કરતા દેખાવો યોજવામાં આવ્યા હતા. જે માટે પોલીસે ૨૫ જેટલા કાર્યકરોની અટકાયત કરી હતી. સાંજે ૫.૩૦ વાગે શહેર પ્રમુખ ડૉ. કૌશિક શાહ, જિલ્લા પ્રમુખ સૂર્યસિંહ ડાભી, પંચાયતના ઉપપ્રમુખ ભરત પટેલ, કોર્પોરેશનના વિપક્ષી નેતા શૈલેન્દ્રસિંહ બિહોલાના નેતૃત્વમાં આ વિરોધ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. ભાજપના અમીત શાહ અને બલવંતસિંહ રાજપૂત સામે આ કાર્યકરોએ સૂત્રોચ્ચાર કર્યો હતો.

## ચિલોડા વિસ્તારમાં ખેતરો જળબંબાકાર સ્થિતિથી ખરીફ પાકને ભારે નુકસાનની ભીતિ

ચિલોડા, તા. ૨૮

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા પાંચ દિવસથી ભારે વરસાદના કારણે ગામડાની હાલત વધુ કફોડી બનવા પામી છે. ઠેર ઠેર વરસાદી પાણીના વહેણ વહેતા નદી-નાળાં-તળાવો છલકાઈને પાણી ગામમાં ઘુસ્યા હતા. અતિશય વરસાદથી નિચાણવાળા વિસ્તારોના રહીશોમાં ઢીંચણ કે કેડસમા પાણી ઘુસવાથી ઘરવખરી અને કાચા મકાનોને વધુ નુકસાન થવા પામ્યું હતું. ચિલોડા પંથકના આસપાસના ગામોમાં વરસાદી પાણીના વહેણ વહેતાં ગામોમાં જળબંબાકારની સ્થિતિથી લોકો અસરગ્રસ્ત બન્યા હતા. ગામોના જાગૃત નાગરિકો દ્વારા તુરત જ રાહત અને મદદની કામગીરીમાં લાગી ગયા હતા. આ સાથે અતિશય પાણીના ધોધ વહેતા ગામોના તળાવો છલકાતાં ભારે હાલાકી વેઠવી પડી હતી. ત્યાર બાદ ચિલોડા પંથકમાં ખેતોરમાં ઢીંચણસમા પાણી ભરાતાં ખરીફ પાકોમાં મગફળી-કપાસ અને શાકભાજી-જુવાર વગેરે ડૂબમાં જવાથી પાક કોહવાઈ જવાની પુરેપુરી શક્યતાથી ખેડૂતોમાં પાક નિષ્ફળ જવાની ભીતિથી વધુ ચિંતાતુર બન્યા છે. તમામ ખેતરો છલોછલ ભરાતાં પાક દેખાતો નથી. અમુક જગ્યાએ ઊંચા રોડ બનાવવાથી તેમજ પાણીના નિકાલ માટે ગરનાળાના અભાવે હજુ ખેતરોના પાણી નીકળી શકતુ નથી. પરિણામે ખેડૂતોનો પાક ફેઈલ થાય તેવી શક્યતાઓ દેખાઈ રહી છે. તંત્રની બેદરકારી સામે ખેડૂતો આક્રોશ વ્યક્ત કરી રહ્યા છે. ચિલોડા વિસ્તારમાં પાકા રસ્તાની સુવિધાની સાથે વરસાદી પાણીના નિકાલ માટે ગરનાળાંની સગવડના અભાવે ભારે સમસ્યા સર્જાઈ હોવાનું ગ્રામજનો જણાવી રહ્યા છે. બસ હવે મેઘરાજા ખમૈયા કરે તેવી આજીજી ખેડૂતો કરી રહ્યા છે.



## વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા ૧૦ હજાર ફુડ પેકેટ રવાના કર્યા

વિશ્વ હિન્દુ પરિષદ ગાંધીનગર શહેર તેમજ બજરંગદળ ગ્રામ્ય પ્રખંડના કાર્યકર્તાઓ આજે સવારે બનાસકાંઠાના અસરગ્રસ્ત વિસ્તારમાં ફુડ પેકેટ તેમજ વિવિધ ખાદ્ય સામગ્રી લઈને ટ્રક રવાના થઈ છે. શહેરમાંથી ૨૦ કાર્યક્તાઓ બનાસકાંઠાના વિવિધ અસરગ્રસ્ત ગામોમાં જઈને ખાદ્યસામગ્રી સહિતની ચીજવસ્તુઓ જરુરીયાતમંદ વ્યકિતઓને પુરી પાડશે.

વિશ્વ હિન્દુ પરિષદ ગાંધીનગર શહેર તેમજ ગ્રામ્ય પ્રખંડના કાર્યકરો એક ટ્રક ભરીને વિવિધ સામગ્રી ભરીને બનાસકાંઠામાં આવેલ પુરની સહાયતા માટે ૧૦ હજાર ફુડ પેકેટ , ૪૦૦૦ પાણીના પાઉચ, ગોદડીઓ, કપડા, ધાબળા, ચાદરો, ચંપલો સહિતની ચીજવસ્તુઓ લઈને ૨૦ કાર્યકર્તાઓ પાલનપુર-બનાસકાંઠાના અસરગ્રસ્ત વિસ્તારમાં જવા માટે આજે સવારે રવાના થયા છે. વરસાદે સર્જેલા વિનાશ થયેલા નાગરીકોને સહાય પહોંચાડવા માટે સે-૨૧ અને સે-૨૪ના વેપારીમિત્રો, દરેક સેક્ટરના વસાહતીઓ, કોલવડા તેમજ ફતેપુરા ગામના રહીશોનો ખુબ સહયોગ પ્રાપ્ત થયો છે. સેવાભાવી નાગરીકોનો વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવ્યો છે.



## જુ.સી.કા. દ્વારા પુરગ્રસ્ત વિસ્તારમાં ફુડ પેકેટનું વિતરણ

ગાંધીનગર સેવાકીય સંસ્થા જુનિયર સિટીઝન્સ કાઉન્સીલ દ્વારા વરસાદી પાણીથી અસરગ્રસ્ત થયેલા પરિવારો માટે વિવિધ સેવાકીય પ્રવૃતિઓ કરવામાં આવે છે. એકત્ર થયેલ નાણાકીય સહાય, અનાજની કીટ તથા અલગ અલગ પ્રકારના સુકા નાસ્તા, ચા, થેપલા, ખીચડી, તેમજ સુખડી સહિતના નાસ્તાના પેકેટ તૈયાર કરી પરિવારોને પહોંચાડવામાં આવ્યા છે. ૨૦૦ કિલો મસાલા ખીચડી, વઘારેલા મુઠીયા બનાવીને પથિકાશ્રમ છાપરા, સેકટર-૬ છાપરા, બાંધકામ સાઈટના મજુરો, આદિવાડા, જીઈબી છાપરા, બોરીજ, ચરેડી છાપરા, સે-૨૦ છાપરા ખાતે સંસ્થાના સ્વયંસેવકો દ્વારા વિતરણ કરવામાં આવ્યું હતું.

